પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૩૭ | ૨૭ જુલાઈ, ૨૦૧૯, શનિવાર; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખરાબ હવામાનના પગલે અમરનાથ યાત્રા મોકૂફ

**વરસાદ અને ખરાબ હવામાનના લીધે સાવચેતીના પગલા લેવાયા : ૨૯ જુલાઈ સુધી જમ્મુ પ્રદેશમાં ભારે વરસાદ પડવાની આગાહી**



શ્રીનગર,તા. ૨૬

ખરાબ હવામાન અને વરસાદની સ્થિતી વચ્ચે અમરનાથ યાત્રા દિવસભર માટે આજે મોકુફ કરવામાં આવી હતી. કોઈ પણ શ્રદ્ધાળુ અથવા તો યાત્રી વાહનને આગળ વધવાની આજે મંજુરી આપવામાં આવી ન હતી. આશરે ૩૦૦ કિલોમીટર લાંબા જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર ખરાબ હવામાનના કારણે હાલત કફોડી બનેલી છે. ગઈકાલ બાદથી ૭૦૨૧ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. પહેલી જુલાઈના દિવસે અમરનાથ યાત્રા શરૂ કરવામાં આવ્યા બાદ ૩૦૮૮૩૯ શ્રદ્ધાળુઓ દર્શન કરી ચુક્યા છે. બીજી બાજુ હજુ સુધી ૨૬ શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા છે.કાશ્મીર હિમાલયમાં દરિયાઈ સપાટી પર સ્થિત પવિત્ર ગુફામાં

કુદરતી રીતે બનતા શિવલિંગના દર્શન કરવા માટે ટીમ પહોંચી રહી છે. પવિત્ર ગુફાને ભાગવાન શિવના પ્રતિક તરીકે ગણવામાં આવે છે. અમરનાથ યાત્રામાં હજુ સુધી કુલ ૨૬ શ્રદ્ધાળુઓના મોત થયા છે. જે પૈકી અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. જયારે ૨૪ શ્રદ્ધાળુઓના કુદરતી રીતે મોત થયા છે. છેલ્લા ચાર દિવસના ગાળામાં આઠ શ્રદ્ધાળુઓના મોત થયા છે. ૩૦ શ્રદ્ધાળુ યાત્રા માર્ગ ઉપર પથ્થરો પડવાના કારણે ઘાયલ થયા છે. આ વખતે યાત્રાના આધાર કેમ્પ ખાતે એફએમ રેડિયો સ્થાપિત કરવામાં આવ્યો છે જેના કારણે હવામાન અંગેની માહિતી પણ મળી શકશે. અમરનાથ યાત્રા રુટ ખુબ જ જટિલ છે. કેટલીક જગ્યાએ ઓક્સિજનની કમી હોવાના કારણે યાત્રીઓ એટેકના શિકાર થાય છે. યાત્રા માટે આરોગ્ય પ્રમાણપત્ર જરૂરી હોવા છતાં દર વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓના મોત થયા છે. હવામાનની અનુકુળતા અને

● અનુસંધાન પાન-૭ પર

## છ દિવસની મંદી પર બ્રેક : બાવન પોઈન્ટનો ફરીવાર સુધારો નોંધાયો

**સેંસેક્સ બાવન પોઇન્ટ રિકવર થઇ ૩૭૮૮૩ની સપાટી ઉપર : નિફ્ટી ૩૨ પોઇન્ટ રિકવર થઇ બંધ રહ્યો**




મુંબઈ, તા. ૨૬

શેરબજારમાં છેલ્લા છ દિવસથી ચાલી રહેલી મંદી ઉપર આજે બ્રેક મુકાઈ હતી. ઉદાસીન કારોબારના દોર આજે પૂર્ણ થયો હતો અને કારોબારના અંતે નજીવો સુધારો થયો હતો. ઓટો મોબાઈલ, મેન્યુફેક્ચર્સ, બેંકિંગ અને ફાઈનાન્સિયલ શેરોમાં તેજી રહી હતી જેના લીધે કારોબારના અંતે સેંસેક્સ બાવન પોઈન્ટ અથવા તો ૦.૧૪ ટકા સુધરીને સેંસેક્સ ૩૭૮૮૩ની સપાટીએ રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન જે શેરમાં મોટો ઉછાળો નોંધાયો હતો તેમાં યશ બેંક, બજાજ ફાઈનાન્સ, હિરો મોટો, એમએન્ડએમનો સમાવેશ થાય છે. વેદાંતા, એચડીએફસી, ભારતી એરટેલ અને રિલાયન્સમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. બીજી બાજુ નિફ્ટી ૩૨ પોન્ટિ સુધરીને ૧૧૨૮૪ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપમાં ૭૩ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૩૮૫૬ રહી હતી જ્યારે સ્મોલકેપમાં ૨૯ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૩૦૬૦ રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સિવાય તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ટોપ પરફોર્મરની સ્થિતિ રહી હતી તેમાં બે ટકાનો ઉછાળો રહ્યો હતો.

# આઝમને લોકસભામાંથી સસ્પેન્ડ કરવા માંગ

**આઝમ ખાન માફી માંગે તેવી જોરદાર રજૂઆત કરવામાં આવી : લોકસભા એવી જગ્યા નથી જ્યાં પુરુષો કોઇ મહિલાની આંખોમાં જોવા માટે આવે છે : સ્મૃતિ ઇરાનીના આક્રમક નિવેદન બાદ ગૃહમાં તમામ સભ્યો મૌન**



શ્રીનગર, તા. ૮

લોકસભામાં સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનના નિવેદનને લઈને આજે પણ હોબાળો જારી રહ્યો હતો. ભાજપના નેતા અને કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની તથા રવિશંકર પ્રસાદે આઝમ ખાનને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી. ભાજપની સાથે સાથે અન્ય કેટલાક પક્ષોના સભ્યો દ્વારા પણ આઝમ ખાનના નિવેદનને લઈને વાંધો ઉઠાવ્યો હતો. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અધિરરંજન ચૌધરીએ કહ્યું હતુ ંકે, તેઓ મહિલાઓના અપમાનનો વિરોધ કરે છે. ચૌધરીએ આ મામલાને સંસદીય સમિતિને મોકલવાની માંગ કરી હતી. આઝમના નિવેદનને લઈને ભારે વિરોધ વચ્ચે લોકસભાના સ્પીકરે કહ્યું હતુ કે, તેઓ નેતાઓ સાથે આ વિષય ઉપર વાત કર્યા બાદ કોઈ યોગ્ય નિર્ણય કરશે. સંસદમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની હંમેશની જેમ આક્રમક દેખાયા હતા. સ્મૃતિએ કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ઈરાને નવ ભારતીયોને મુક્ત કર્યા

ઈરાને જુલાઈ માસમાં એમટી રિઆહ જહાજ કબ્જે કર્યુ હતુ. જેમાં ૧૨ ભારતીય નાગરીકો પણ હતા. તેમાંથી નવ ભારતીયોને ઈરાને છોડી મુક્યા છે. જોકે હજુ કેટલાક ભારતીયો ઈરાનના કબ્જામાં છે. ભારતે પોતાના નાવિકોને છોડાવવા આંતરરાષ્ટ્રીયસ્તરે પ્રયાસો કર્યા છે.

### બરેલી રેલવે સ્ટેશન ઉડાવી દેવાની ધમકી

આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુજાહીદ્દીનના સ્થાનિક કમાન્ડર મુન્નાખાન ઉર્ફે મુલ્લાએ બહેલી રેલવે સ્ટેશનના મુખ્ય અધિકારી સત્યવીરસિંહને એક પત્ર મોકલ્યો છે જેમાં તેણે ધમકી આપી છે કે તે રેલવે સ્ટેશનને બોમ્બથી ઉડાવી દેશે. આ સૂચના મળ્યા બાદ રેલવે સ્ટેશન પર સુરક્ષા વધારી દેવાઈ છે.

# કર્ણાટકના મુખ્યમંત્રીપદે ચોથીવાર યેદીયુરપ્પા : શપથવિધિ સમારોહ યોજાયો

**૨૯મી જુલાઈએ સવારે બહુમતિ સાબિત કરશે : રાજ્યપાલ વાળાએ શપથ લેવડાવ્યા પ્રથમ બેઠકમાં જ ખેડૂતોને ૨૦૦૦ના બે હપ્તા અલગથી આપવાની જાહેરાત**



બેંગલોર,તા. ૨૬

કર્ણાટકના નવા મુખ્યમંત્રી તરીકે બીએસ યેદીયુરપ્પાએ આજે શપથ લીધા હતા. યેદીયુરપ્પાએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ પત્રકાર પરિષદ યોજીને કહ્યું હતું કે, રાજ્યના ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન યોજના ઉપરાંત ૨૦૦૦ રૂપિયાના બે હપ્તા અલગથી આપવામાં આવશે. કુમારસ્વામી સરકાર દ્વારા આ મહિને જારી કરવામાં આવેલા આદેશોને આગામી સમીક્ષા સુધી સ્થગિત રાખવાના પણ આદેશ કર્યા હતા. તેઓએ એવી તમામ ટ્રાન્સફર ઉપર પણ રોક લગાવી દીધી છે જેને મંજુરી મળી ગઈ છે પરંતુ અમલી કરવામાં આવ્યા નથી. ખેડૂતોને પીએમ કિસાન યોજના ઉપરાંત ૪૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. યેદીયુરપ્પાએ કહ્યું હતું કે, ૨૯મી જુલાઈના દિવસે સવારે ૧૦ વાગે બહુમતિ પુરવાર કરશે. ફાઈનાન્સ બિલને પણ પાસ કરાવવામાં આવશે. બહુમત પુરવાર કરવા માટે યેદીયુરપ્પાને ૩૧મી જુલાઈ સુધીની મહેતલ આપવામાં આવી છે. આજે બેંગ્લોર સ્થિત રાજભવનમાં રાજ્યપાલ વજુભાઈ વાળાએ યેદીયુરપ્પાને મુખ્યમંત્રી તરીકેના શપથ લેવડાવ્યા હતા. અન્ય કોઈ મંત્રીએ હજુ સુધી શપથ લીધા નથી. અગાઉ કર્ણાટકમાં કુમારસ્વામીના નેતૃત્વમાં સરકારનુ પતન થઈ ગયા બાદ ભાજપે સરકાર બનાવવાની કવાયત હાથ ધરી હતી જેના ભાગરુપે કર્ણાટક ભાજપના પ્રદેશ અધ્યક્ષ બીએસ યેદિયુરપ્પાએ સવારમાં રાજ્યપાલ વજુભાઈ વાળા સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ સરકાર રચવાનો દાવો કર્યો હતો. હવે સરકાર બની ગયા બાદ પણ મુખ્ય પડકાર બહુમતિ

● અનુસંધાન પાન-૭ પર

# અક્ષરધામ હુમલાના મુખ્ય કાવતરાખોરને ઝડપી લેવાયો

**અનંતનાગથી એટીએસ દ્વારા પકડી પડાયા બાદ ગુજરાત લવાયો : ત્રાસવાદને કચડી નાંખવાની દિશામાં મોટી સફળતા મળી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહના માર્ગદર્શનથી સફળતા : અનેક નવી વિગતો ખુલશે**

અમદાવાદ,તા.૨૬

સમગ્ર દેશને હચમચાવી મુકનાર વર્ષ ૨૦૦૨ના અક્ષરધામ મંદિર પર થયેલા



આતંકવાદી હુમલાના મુખ્ય કાવતરાખોર અને નાસતા ફરતા આરોપી યાસીન ગુલામ ભાટને અનંતનાગથી પકડી પાડવામાં ગુજરાત એટીએસને સફળતા હાથ લાગી છે. જમ્મુ કાશ્મીરમાં તેને પકડી પાડવામાં આવ્યા બાદ આજે સાંજે ગુજરાત લવાયો હતો તેની આકરી પુછપરછ બાદ કેટલીક નવી ચોંકાવનારી વિગતો પણ ખુલી શકે છે. ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે આતંકવાદને નાથવા માટે રાજ્ય સરકારે ઝીરો ટોલરન્સ નીતી અખત્યાર કરી છે. ત્યારે રાજ્યમાં આતંકવાદ હુમલા ન થાય તે માટે પણ સરકાર સતર્ક છે. રાજ્ય સરકારની દ્રઢ રાજકીય ઈચ્છા શક્તિના પરીણામે સીમાથી ઘુસવાનો પ્રયાસ થઈ શકતા નથી એટલે જ આતંકી હુમલા રોકવામાં સફળતા મળી છે. વર્ષ ૨૦૦૨માં અક્ષરધામ ગાંધીનગર પર થયેલ આતંકવાદી હુમલાના મુખ્ય કાવત્રાખોરને ગુજરાત એટીએસ દ્વારા જમ્મુ કાશ્મીરના અનંતનાગ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. જેને આજે સાંજે ગુજરાત લાવવામાં આવ્યો હતો. રાજ્યના આ જાબાઝ એટીએસના અધિકારીઓને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમની કામગીરીને બીરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# દેશભરમાં કારગિલ દિને શહિદોને શ્રદ્ધાંજલિ

**કારગિલ યુદ્ધમાં જીતના ૨૦ વર્ષ પૂર્ણ થયા : જવાનોના શૌર્ય અને પરાક્રમને યાદ કરી દેશભરમાં કાર્યક્રમો : દિલ્હીમાં અમર જવાન જ્યોતિ ઉપર પુષ્પાંજલિ અર્પણ કરાઈ : કેપ્ટન વિક્રમ બત્રા, સૌરભ કાલિયા, મનોજ પાંડે સહિત બધા સાહસી જવાનને યાદ કરાયા**

નવી દિલ્હી,તા.૨૬

કારગિલ યુદ્ધમાં ભવ્ય જીતની આજે દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે દેશભરમાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં



કારગિલ યુદ્ધના સાહસનો પરિચય આપી દુશ્મન સામે લડતા પોતાના પ્રાણોની આહૂતિ આપનાર જવાનોના શૌર્યને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. લોકો ઉપસ્થિત રહ્યા હતા અને વીર જવાનોને યાદ કરવામાં આવ્યા હતા. જીતના આજે ૨૦ વર્ષ પૂર્ણ થયા છે. આજે કારગિલ યુદ્ધમાં ભારતીય જીતની યાદો ફરી એકવાર તાજી થઈ હતી. દેશભરમાં જવાનોના શૌર્યની આજે વાત થઈ રહી છે. શહીદ જવાનોને

અંજલિ આપવાના કાર્યક્રમ થઈ રહ્યા છે. તેમની વીર ગાથા ચારેબાજુ સંભળાઈ રહી છે. સંરક્ષણ પ્રધાન પ્રધાન રાજનાથ સિંહ, સેના અધ્યક્ષ જનરલ બિપીન રાવત, નૌકા સેનાના અધ્યક્ષ એડમિરલ સુનિલ લાંબા અને હવાઈ દળના વડા બિરેન્દ્ર સિંહ ધનોઆએ પાટનગર દિલ્હીમાં અમરજવાન જ્યોતિ ઉપર આજે પુષ્પાંજલિ આપીને કારગિલ યુદ્ધના શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
ડ્રાઈવર
બાયોડેટા સાથે રૂબરૂ મળો.
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.
૩૦૧, શાલીમ કોમ્પ્લેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સમય : ૧૧ થી ૨, મંગળવાર, તા. ૩૦/૭/૨૦૧૯

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

અમદાવાદ હાટ કા એક્ઝીબીશન નહીં દેખા તો કુછ નહી દેખા... ફ્રી હાઉસી લક્કી ડ્રો
મંગલમૂર્તી Present
• SHOP • STYLE • SAVE
Free Entry
26 Fri 27 Sat 28 Sun
July-2019
Time : 10:30 AM to 9:30 PM
Rakhi & Navratri Life Style Exibition
Venue : Ahmedabad Haat, Near. Vastrapur Lake, Opp. Arvindo Society, Vastrapur, Ahmedabad.
JKD FREE DANCE WORKSHOP JIMMY GAJJAR Workshop Time: 6.30 PM to 8.00 PM
1st Time in Gujarat 60+ Master Craftsmen From over 10+ States
Housie Games for kids and adults
Time : 4.30 pm to 5.30 pm Free Housie
Time : 5.30 pm to 6.30 pm Chargeable
ORGANIZED BY
KIRAN SHAH M : 8320273776
DOLLAR SHAH M: 8000576777
Sponsored By Kiran Creation M: 9427329392
Bring out this Cutting Win to chance Get a Gift
Name: M:
Booking Open Our Next Event at Same Place Dt. 20,21,22 Sept. 2019
PATOLA GIFT ITEMS HOME DECOR FOOD FUN FASHION JEWELLERY DESIGNER WEAR KUTCH NI KHAREK